# એનઆઈએની અરજી સુપ્રીમ કોર્ટે કાઢી નાખી

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે ભીમા - કોરેગાંવ ઍક્ટિવિસ્ટ સુધા ભારદ્વાજને 'ડિફૉલ્ટ બૅલ' આપતા બોમ્બે હાઇ કોર્ટના અગાઉના આદેશને પડકારતી નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની અરજીને મંગળવારે કાઢી નાખી હતી અને આ એજન્સીની ટીકા કરી હતી. આરોપીની ધરપકડ બાદ તપાસના ચોક્કસ દિવસો બાદ પણ જો તેની સામે તહોમતનામું ન નોંધાવાય તો તે જામીન પર છૂટી શકે છે અને તેને 'ડિફૉલ્ટ બૅલ' કહેવાય છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે માત્ર ખાસ અદાલત ગેરકાયદે પ્રવૃત્તિ-વિરોધી ધારા અને ક્રિમિનલ પ્રૉસિજર કૉડની કલમ ૧૬૭ (૨) હેઠળ પકડાયેલા આરોપીની તપાસના કે અટકાયતના દિવસો વધારવાની સત્તા ધરાવે છે. અગાઉ, વડી અદાલતે ભારદ્વાજને આઠમી ડિસેમ્બરે મુંબઇની ખાસ એનઆઇએ કોર્ટમાં રજૂ કરવાનો અને તેમના જામીનની શરત અને તારીખ નક્કી કરવાનો આદેશ આપ્યો હતો.

# ભારતે જમીનથી હવામાં વાર કરતી સ્વદેશી મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

બાલાસોરઃ ભારતે જમીનથી હવામાં વાર કરતી અને સીધી ઉડાણ ભરતી સ્વદેશી બનાવટની ટૂંકા અંતરની વીએલએસઆરએસએએમ મિસાઇલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હોવાની માહિતી ડીઆરડીઓએ આપી હતી. આ મિસાઇલ ખાસ ભારતીય નૌસેના માટે બનાવવામાં આવી છે અને નૌસેનામાં સામેલ કરાયા બાદ હવાઇ હુમલાથી રક્ષણ કરવા માટે નૌસેનાને ઘણી મદદરૂપ પુરવાર થશે. આ મિસાઇલનું ચાંદીપુરની ટૅસ્ટ રૅન્જ પરથી વર્ટિકલ લૉન્ચર દ્વારા બપોરે ૩.૦૮ મિનિટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ મિસાઇલની રૅન્જ ૫૦થી ૬૦ કિ.મી.ની છે. આ મિસાઇલનું પહેલું પરીક્ષણ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૧નાં દિવસે કરવામાં આવ્યું હતું અને મંગળવારે ફરીવાર પરીક્ષણ કરીને એ મિસાઇલ ખરેખર સફળતાપૂર્વક કામ કરી શકતી હોવાની ખાતરી કરવામાં આવી હતી. પરીક્ષણની સફળતા બદલ કેન્દ્રના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે ડીઆરડીઓનાં વૈજ્ઞાનિકોને અભિનંદન આપ્યા હતા. (પીટીઆઇ)

# યુકે જનારાએ કોવિડ ટેસ્ટ કરાવવી જરૂરી

લંડનઃ ભારત સહિતના વિદેશમાંથી યુકે જનારાઓએ પ્રવાસની શરૂઆતની પહેલાંના ૪૮ કલાકની અંદર કોવિડ-૧૯ ટેસ્ટ કરાવી હોવી જોઇશે. યુકેએ કોવિડ-૧૯ના ઓમાઇક્રોન પ્રકારના વાઇરસનો ફેલાવો ઝડપથી થઇ રહ્યો હોવાથી મંગળવારથી આ નવો નિયમ અમલમાં મૂક્યો છે.

ઓમાઇક્રોનના શંકાસ્પદ દરદીએ ૧૦ દિવસ જાતે અલગ (આઇસૉલેશનમાં) રહેવું પડશે. આ નિયમ કોવિડ-૧૯ની રસીના બન્ને ડૉઝ લેનારા લોકોને પણ લાગુ પડશે.

આ ઉપરાંત, એન્ગોલા, બોટ્સવાના, એસ્વાટીની (સ્વાઝીલેન્ડ), લેસોથો, મલાવી, મોઝામ્બિક, નામિબિયા, નાઇજિરિયા, દક્ષિણ આફ્રિકા, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે ખાતેથી સ્વદેશ પાછા ફરનારા બ્રિટન અને આયર્લૅન્ડના નાગરિકોએ સરકાર દ્વારા નક્કી કરાયેલી હૉટેલમાં થોડા દિવસ અલગ રહેવું પડશે. યુકેમાં ઓમાઇક્રોનના ૩૩૬ દરદી નોંધાયા છે. અગાઉ, આ વાઇરસ દક્ષિણ આફ્રિકામાં સૌપ્રથમ વખત શોધાયો હતો. (એજન્સી)

# યુએઇમાં કામનું સપ્તાહ ફક્ત સાડા ચાર દિવસ

દુબઇઃ યુએઇએ અત્યારના પાંચ દિવસ કામનાં સપ્તાહને ઘટાડીને ૧લી જાન્યુઆરીથી ફક્ત સાડા ચાર દિવસ કરવાનો નિર્ણય લીધો છે. આ સાથે આટલા ટૂંકા સપ્તાહ માટે કામ કરાવતો એ પહેલો દેશ બન્યો છે. કર્મચારીઓને સુગમતા રહે, ઉત્પાદનમાં વધારો થાય અને કામ તથા ખાનગી જીવન વચ્ચે સમતોલ જળવાઇ રહે એ માટે આવો નિર્ણય લેવામાં આવ્યો છે. યુએઇના સરકારી મીડિયાએ જણાવ્યા અનુસાર ૧લી જાન્યુઆરીથી કામનો સમય સોમવારથી ગુરુવાર સુધી સવારે ૭.૩૦ વાગ્યાથી બપોરે ૩.૩૦ વાગ્યા સુધી અને શુક્રવારે સવારે ૦૭.૩૦ વાગ્યાથી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીનો રહેશે. શનિવાર અને રવિવારના દિવસે આખો દિવસ માટે રજા રહેશે. કર્મચારીઓને શુક્રવારે ફ્લેક્સિબલ સમય અનુસાર અથવા ઘરેથી કામ કરવાનો પર્યાય પણ આપવામાં આવશે. સરકારનાં આ પગલાથી અમેરિકા, યુકે અને યુરોપના કામ કરવાના સમયને અનુસરવાનું અને એ કારણે વેપારમાં વધારો થવાની આશા સેવાઇ રહી છે. (પીટીઆઇ)

# જાપાનના ૧૦૦ સાંસદે વિવાદાસ્પદ યુદ્ધસ્મારકની મુલાકાત લીધી

ટોક્યોઃ જાપાનના અંદાજે ૧૦૦ સાંસદના ગ્રૂપે ટોક્યોમાં આવેલા યુદ્ધ વખતના વિવાદાસ્પદ સ્મારકની મુલાકાત લીધી હતી. અહીં આવેલા યુદ્ધના સ્મારકને ચીન અને કોરિયા દ્વારા જાપાનના આક્રમણનું પ્રતીક ગણવામાં આવે છે.

જાપાને ૧૯૪૧ની સાત ડિસેમ્બરે પર્લ હાર્બર પર હુમલો કર્યો હતો અને તેને પગલે અમેરિકા ૧૯૪૧ની આઠ ડિસેમ્બરે બીજા વિશ્વયુદ્ધમાં સક્રિય રીતે પ્રવેશ્યું હતું. વીસમી સદીના પ્રથમ ભાગમાં જાપાનના આક્રમણનો ભોગ બનેલા રાષ્ટ્રો, ખાસ કરીને ચીન અને કોરિયા યાસુકુની યુદ્ધસ્મારકને જાપાનના લશ્કરના આક્રમણનું પ્રતીક ગણે છે.

દરમિયાન, ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને જણાવ્યું હતું કે જાપાનના સાંસદોએ ઇરાદાપૂર્વક આ યુદ્ધસ્મારકની મુલાકાત લઇને 'ઉશ્કેરણી' કરી છે. (એજન્સી)

# ધોરણ દસમી અને બારમીની પરીક્ષાના ટાઇમ ટેબલને મંજૂરી ક્યારે?

### ધોરણ દસમી અને બારમીની પરીક્ષા માટે સરકારની મંજૂરીના અભાવે પરીક્ષા તંત્રની મુંઝવણ વધી છે

મુંબઇઃ આ વર્ષનું શૈક્ષણિક સત્રનું ધોરણ દસ અને બારની પરીક્ષા માટેનું ટાઇમ ટેબલ તૈયાર છે, પરંતુ તે ઘણાં દિવસોથી શાળા શિક્ષણ વિભાગની મંજૂરી માટે અટકેલુ છે, તેથી આ પરીક્ષા ઓનલાઇન લેવાશે કે ઓફલાઇન તેમજ આ પરીક્ષાઓની મુલ્યાંકન પદ્ધતિ વિશે પણ વાલીઓ અને વિદ્યાર્થીઓ મુંઝવણ અનુભવી રહ્યા છે. પરીક્ષા દરમિયાન બેઠક વ્યવસ્થા શું અને કેવી હશે, આવા ઘણા પ્રશ્નોના હજી સુધી જવાબ મળ્યા નથી.

એક તરફ શેડયુલ અંગે અનિશ્ચિતતા છે તો બીજી તરફ કેટલાક મુખ્ય શિક્ષકો, શિક્ષક સંઘ અને વાલી શિક્ષણ વિભાગ પાસે એસેસમેન્ટમાં મુક્તિની માગ કરી રહ્યા છે. સામાન્ય રીતે દર વર્ષે ડિસેમ્બર મહિનાના અંત સુધીમાં ધોરણ દસ અને બારનો અભ્યાસક્રમ ભણાવીને પૂર્ણ કરવામાં આવે છે. આગામી બે મહિનાથી પ્રેક્ટિકલ પરીક્ષા, પૂર્વ પરીક્ષા અને અંતિમ પરીક્ષાની તૈયારી ચાલી રહી છે.

જો કે, ઘણી જગ્યાએ આજે પણ ધોરણ દસ અને બારના વર્ગો પુરા સમય માટે ભણાવવામાં આવતું નથી અને વિદ્યાર્થીઓ પણ ઓનલાઇન ભણી રહ્યાં છે, તેના કારણે અભ્યાસક્રમ પુરો થવા સામે સવાલો ઉભા થયા છે. આ બધી બાબતોને કારણે પરીક્ષાઓ કેવી રીતે થશે તથા મૂલ્યાંકન કેવી રીતે કરવામાં આવશે તે બાબતે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને મુખ્ય પ્રધ્યાપક બધાં જ લોકો મુંઝવણ અનુભવી રહ્યાં છે, તેવો મત રાજ્ય શિક્ષક પરિષદના અધિકારીએ વ્યક્ત કર્યો હતો.

અભ્યાસક્રમમાં પચીસ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે, તેથી વિદ્યાર્થીઓ જાતે ભણવામાં વધારે મહેનત કરે એની જવાબદારી વાલીઓની છે. રાજ્યભરમાં બોર્ડની પરીક્ષા એક સમાન હશે કારણકે તે અભ્યાસક્રમ પ્રમાણે જ હોવું જરૂરી છે. તેથી સરકાર દ્વારા જલ્દીથી જલ્દી સમયપત્રક જાહેર કરવું જોઇએ અને સાથે-સાથે મુલ્યાંકન પદ્ધતિ પણ જાહેર કરે તે પણ જરૂરી છે, એમ મહારાષ્ટ્ર રાજ્ય મુખ્યાધ્યાપક મહામંડળના અધિકારીએ જણાવ્યું હતું.

# સાત મહિનાના બાળકનું અપહરણઃ નવી દિલ્હીથી આરોપી પકડાયો

મુંબઈઃ નાગપાડા વિસ્તારમાં રહેતી મહિલાના સાત મહિનાના બાળકનું અપહરણ કરનાર ૬૦ વર્ષના આરોપીને પોલીસે નવી દિલ્હીથી ઝડપી પાડ્યો હતો. પોલીસે નવી દિલ્હી રેલવે સ્ટેશનથી અપહૃત બાળકનો છુટકારો કરાવ્યો હતો, જેને બાદમાં તેની માતાને સોંપાયો હતો.

નાગપાડા પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ તસ્લીમ સિફતહુસૈન ખાન તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશનો વતની છે. પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદી મહિલા ૨૦૨૦માં બારમાં વેઇટર તરીકે કામ કરતી હતી ત્યારે તેની મુલાકાત આરોપી સાથે થઇ હતી. બંને વચ્ચે બાદમાં પ્રેમસંબંધ બંધાયો હતો. દરમિયાન મહિલા ગર્ભવતી બની હતી અને તેણે ૨૩ માર્ચ, ૨૦૨૧ના રોજ બિહારમાં બાળકને જન્મ આપ્યો હતો. ત્રણ મહિના બાદ મહિલા પુત્રને લઇ મુંબઈ આવી હતી અને ફરી કામે જોડાઇ હતી. તસ્લીમ ૩ નવેમ્બરે મહિલાના ઘરે આવ્યો હતો અને કામને લઇ તેની સાથે ઝઘડો કરવા લાગ્યો હતો.

૧૪ નવેમ્બરે તસ્લીમ ફરી ફરિયાદીના ઘરે આવ્યો હતો અને તેના સાત વર્ષના પુત્ર અમનને લઇ ગયો હતો. ફરિયાદીએ તસ્લીમની શોધ ચલાવી હતી, પણ તે મળી આવ્યો નહોતો. આથી તેમણે નાગપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં અપહરણનો ગુનો દાખલ કરાયો હતો. દરમિયાન તસ્લીમનો મોબાઇલ નંબર પોલીસે સર્વેલન્સ પર રાખતાં તેનું ટાવર લોકેશન નવી દિલ્હી બતાવ્યું હતું.

# દાદર ચૈત્યભૂમિમાં છ ડિસેમ્બરના ૭૫૦ કિલો નિર્માલ્ય એકઠું થયું

મુંબઈઃ દાદરમાં શિવાજી પાર્કમાં ચૈત્યભૂમિ પર છ ડિસેમ્બરના મહાપરિનિર્વાણ દિન નિમિતે ફૂલહારના જમા થયેલા નિર્માલ્યમાંથી ખાતર બનાવવામાં આવવાનું છે. પાલિકાના જી-નોર્થ વોર્ડના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનર કિરણ દિઘાવકરના જણાવ્યા મુજબ સોમવાર છ ડિસેમ્બરના શિવાજી પાર્કમાં ચૈત્યભૂમિ પર મોટી સંખ્યામાં ડૉ.આંબેડકરનું અભિવાદન કરવા અનુયાયીઓ આવ્યા હતા. દિવસ દરમિયાન અહીં લગભગ ૭૫૦ કિલોગ્રામ જેટલો ફૂલ હારનો નિર્માલ્ય નીકળ્યું હતું. તેને ધારાવીમાં આવેલા વેસ્ટ કોમ્પોસ્ટિંગ પ્રોજેક્ટમાં મોકલી આપવામાં આવ્યો હતો. આ નિર્માલ્યનું અહીં ખાતર બનાવવામાં આવશે.

# ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ પાસે નાણાં વસૂલવાનો પ્રયાસઃ આર્ટ ડિરેક્ટર પોલીસની પકડમાં

મુંબઈઃ અશ્લીલ વીડિયો વહેતો કરવાની ધમકી આપીને ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડના પતિ પાસેથી નાણાં વસૂલવાનો પ્રયાસ કરવા બદલ પોલીસે બોલીવૂડના આર્ટ ડિરેક્ટરની ધરપકડ કરી હતી. ફરિયાદી મહિલા ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કામ કરે છે, જ્યારે તેનો પતિ બિઝનેસમેન છે. આરે પોલીસે દિલ્હીથી શુક્રવારે ધરપકડ કરેલા આર્ટ ડિરેક્ટરની ઓળખ કૃષ્ણકાંત ઓખારી (૨૫) તરીકે થઇ હોઇ સ્થાનિક અદાલતે તેને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ૩૯ વર્ષની ફરિયાદી મહિલા કેટલાંક વર્ષ પહેલા પતિથી અલગ રહેતી હતી ત્યારે તેની મુલાકાત આરોપી સાથે થઇ હતી. તે બાદમાં આરોપી સાથે પટનામાં લિવ-ઇન રિલેશનશિપમાં રહેવા લાગી હતી. લોકડાઉન દરમિયાન તેણે આરોપી સાથે સંબંધ તોડી નાખ્યા હતા અને પતિ સાથે તે મુંબઈ રહેવા માટે આવી ગઇ હતી. આથી આરોપીએ મહિલાને પાછી મેળવવા માટે તેના પતિનો સંપર્ક સાધ્યો હતો અને તેને મહિલાનો અશ્લીલ વીડિયો પાઠવ્યો હતો. આરોપી અને મહિલા પટનામાં સાથે રહેતા હતા ત્યારે આ વીડિયો ઉતારવામાં આવ્યો હતો. વીડિયો વહેતો કરવાની ધમકી આપી આરોપીએ રૂ. આઠ લાખની માગણી કરી હતી. દરમિયાન મહિલાના પતિએ આરે પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરાયો હતો. આરોપીનું લોકેશન દિલ્હીમાં હોવાનું જણાતાં પોલીસની ટીમ ત્યાં રવાના થઇ હતી અને તેને તાબામાં લીધો હતો.

## છેલ્લા પાનાનું ચાલુ

### ડબલ ડોઝ લેનાર

લઇને મુંઝવણ છે. નવા નિયમોનો અમલ કરવાનો આદેશ પ્રશાસન દ્વારા ડ્રાઇવરને આપવામાં આવ્યો હતો, પરંતુ ટિકિટ નિરીક્ષક અને વાહકને આપવામાં આવ્યો નથી. પરિણામે આજે પણ તમામ મુસાફરો બસમાં પ્રવાસ કરી રહ્યાં છે. 'લાખો મુસાફરોની મુખ્ય જરૂરિયાતો પર આ પ્રકારના નિયંત્રણો લાદવા યોગ્ય નથી,' એવું મુસાફર સંગઠનનું માનવું છે. આ નિર્ણય સામે 'બેસ્ટ' સમિતિના સભ્યોએ પણ નારાજગી વ્યકત કરી હતી. બસમાં મુસાફરી કરવા માટે પ્રવાસીએ બે રસી લીધેલી હોવી જરૂરી છે. બસમાં પ્રવાસ કરવા દરમિયાન મુસાફરોએ માસ્ક પહેરવાના અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવાના નિયમોનું પાલન કરવું જોઇએ, એમ ગોરાઇ ડેપોના અધિકારીએ જણાવ્યું હતું.

'બેસ્ટ' મેનેજમેન્ટ ડેપો મેનેજર દ્વારા તમામ બસ ચાલકોને બે રસી લગાવેલા મુસાફરોના પ્રમાણપત્ર તપાસવા સૂચના આપવામાં આવી છે. આ અંગે સરકારના આદેશનો ચુસ્તપણે અમલ કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે, એમ 'બેસ્ટ'ના જનસંપર્ક અધિકારીએ જણાવ્યું હતું.

### મુંબઈને હાશકારો!

પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો. આ તમામ દર્દીઓના નમુના જિનોમ સિક્વેન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે. તેમાંથી જોહનિસબર્ગ અને અમેરિકાથી આવેલા બે લોકોને 'ઓમાઈક્રોન' થયો હોવાનું રિર્પોટમાં બહાર આવ્યું હતું. તો બાકીના ૧૪ લોકોના અહેવાલ નેગેટિવ હોવાની શકયતા છે. તેથી પાલિકા હવે બાકીના ૧૧ લોકોના જિનોમ સિક્વેન્સિંગના રિપોર્ટની રાહ જોઈ રહી છે. આગામી બે દિવસમાં સ્પષ્ટતા થશે.

### નજીકના સંપર્કમાં આવેલા તમામ નેગેટિવ

કોવિડના નવા વેરિયન્ટ 'ઓમાઈક્રોન'નો વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો હોવાનું વિદેશમાં જણાઈ આવ્યું છે. તેથી તકેદારીના પગલારૂપે કોરોના અસરગ્રસ્ત દર્દીના નજીકના સંપર્કમાં આવેલા તમામ લોકોના ટેસ્ટ કરવામા આવી રહ્યા છે. તે મુજબ ૨૯ અસરગ્રસ્ત દર્દીના સંપર્કમાં આવેલા ૩૧૪ લોકોની કોવિડની ટેસ્ટ પાલિકાએ કરી હતી. જોકે તેમાંથી કોઈને પણ કોરોનાનો ચેપ લાગ્યો ન હોવાનું જણાઈ આવ્યું છે.

### પુણેમાં જિનોમ સિક્વેન્સની ટેસ્ટ

પાલિકા સંચાલિત કસ્તુરબા હૉસ્પિટલમાં જિનોમ સિક્વેન્સિંગની ટેસ્ટ કરવા માટેની યંત્રણા છે. પંરતુ અહીં એક જ વખતમાં ૩૫૦ સેમ્પલ ટેસ્ટ કરવા માટે રાખવા પડે છે. તો પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીમાં ફક્ત ૩૦ નમૂનાની ટેસ્ટ શકય છે. તેથી તાત્કાલિક અહેવાલ મળે તે માટે તમામ અસરગ્રસ્તોના નમૂના જિનોમ સિક્વેન્સિંગ માટે પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

### પોઝિટિવ ન્યૂઝ

સંખ્યા ૭,૪૩,૬૦૦ થઈ છે, જ્યારે નવા ૧૯૧ કેસ નોંધાતા કુલ કોરોનાના કેસ મુંબઈમાં ૭,૬૪,૧૯૪ થયા છે. કોરોનાને કારણે મુંબઈમાં એક દર્દીનું મૃત્યુ થયું હતું, પરિણામે કુલ મૃતકની સંખ્યા ૧૬,૩૫૨ થઈ છે. એક દિવસમાં પાલિકા પ્રશાસન દ્વારા ૩૦,૫૦૨ ટેસ્ટિંગ કરવામાં આવ્યા હતા, જ્યારે ડબલિંગ રેટ ૨,૯૪૦ દિવસનો હોવાનું જણાવાયું હતું. કોરોનાને કારણે રાજ્યમાં ૬,૪૪૫ એક્ટિવ કેસ છે, જ્યારે ૭૭,૬૪૨ હોમ ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા છે, એમ આરોગ્ય વિભાગના અહેવાલમાં જણાવ્યું હતું.

### નવાબ મલિકે

વચનનું ઈરાદાપુર્વક ઉલ્લંઘન કરી રહ્યા હોવાનું અમને પ્રથમદર્શી જણાઈ રહ્યું છે. અમે કોઈપણ કાર્યવાહી કરવા પહેલાં તેમને પુછવા માગીએ છીએ કે કોર્ટમાં કરવામાં આવેલા વિધાનનું જાણી જોઈને ઉલ્લંઘન કરવા બદલ તમારી સામે કાર્યવાહી કેમ ન કરવામાં આવે?

### જોખમી દેશમાંથી આવેલા

સાંગલીમાં હજી ૭૬ જણ મળ્યા નથી. કલ્યાણ-ડોંબિવલીમાં ૧૨ લોકોનો પત્તો નથી. ઔરંગાબાદમાં પણ પરદેશથી આવેલી એક વ્યક્તિની શોધ ચાલી રહી છે. ચિંતાની વાત એ છે કે ગુમ થયેલા અનેક લોકોના ફોન બંધ આવી રહ્યા છે. કેટલાકના સરનામા અધૂરા છે તેથી પ્રશાસનની ચિંતામાં વધારો થયો છે. વિદેશથી આવ્યા બાદ આ લોકોએ પોતાના ફોન નંબર અને સરનામા નોંધાવ્યા હતા, પરંતુ તેમના મોબાઇલ નંબર બંધ આવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં આવા લોકો જ્યાં સુધી મળશે નહીં ત્યાં સુધી ચિંતા કાયમ રહેશે.

### મની લૉન્ડરિંગ કેસ

કર્યો હતો કે દેશમુખના મની લૉન્ડરિંગમાં આ બંને જણે ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી. પાલાંડે અને શિંદેની ઇડીએ ૨૬ જૂને ધરપકડ કરી હતી. તેમણે વકીલ શેખર જગતાપ અને એજાઝ ખાન મારફત જામીન અરજી કરી હતી.

સીબીઆઇએ ૨૧ એપ્રિલે ભ્રષ્ટાચારના આરોપ હેઠળ એફઆઇઆર દાખલ કર્યા બાદ સેન્ટ્રલ એજન્સીએ દેશમુખ સામે તપાસ આદરી હતી. ઇડીએ આરોપ કર્યો હતો કે દેશમુખ જ્યારે રાજ્યના ગૃહ પ્રધાન હતા ત્યારે તેમણે પોલીસ અધિકારી સચિ વાઝે મારફત મુંબઈના બાર એન્ડ રેસ્ટોરાં પાસેથી રૂ. ૪.૭૦ કરોડ એકઠા કર્યા હતા. (પીટીઆઇ)

## જૈન મરણ

કચ્છ માંડવી હાલ વિરાર (મુંબઇ)ના હરિકાંત શાહ (ઉં. વ. ૭૬) શુક્રવાર તા. ૩-૧૨-૨૧ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કમળાબેન ચમનલાલ ઘેલાભાઇ શાહ (માંડવી)ના પુત્ર. સ્વ. રવીલાલ તથા રસિકલાલ મુલકચંદ શાહના ભાણેજ. સ્વ. જેઠાલાલ ઘેલાભાઇ શાહના ભત્રીજા. ગં. સ્વ. બીનાબેનના પતિ. કુ. ફોરમના પિતા. સ્વ. વચ્છરાજ પોપટલાલ શાહ (અંજાર)ના જમાઇ. દયાબેન શાંતિલાલ, ગં. સ્વ. લાભુબેન જયંતીલાલ (અંજાર), નિલમબેન અરવિંદભાઇ (મુંદ્રા), ચંદ્રીકાબેન અનંતભાઇ શાહ (ભુજ)ના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નાગનેશ હાલ સાંતાક્રુઝ (ઇસ્ટ) સ્વ. પોપટલાલ મોહનલાલ ઝોબાળીયાના સુપુત્ર નરેન્દ્રભાઇ (ઉં. વ. ૭૯) તા. ૬-૧૨-૨૧ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે ચંદ્રિકાબેનના પતિ. વિશાલ, જુલી, પરિન્દુ તથા રાજેશભાઇના પિતા. હલક, ભૂમિના દાદા. તે સ્વ. જયાબેન પ્રવીણભાઇ શાહ, દિનાબેન પ્રતાપરાય શાહ, હીનાબેન વિજયભાઇ ઘેલાણીના ભાઇ. તથા સ્વ. અમુલખરાય મગનલાલ કોઠારીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**તેરાપંથી સ્થાનકવાસી જૈન**

સુરત હાલ મુંબઇ પદમાબેન કુસુમચંદ ઝવેરી (ઉં. વ. ૮૭) તે સ્વ. કુસુમચંદ ઝવેરીના પત્ની. સ્વ. મૃગેશ અને પલ્લવીબેનના માતુશ્રી. મહેશ પટેલના સાસુ. ચિન્મય અને ઉપાસનાના નાની, જીગર અને ઇશાના નાની સાસુ તા. ૫-૧૨-૨૧ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસા ઓસવાળ શ્રીમાળી જૈન**

પાલનપુર સાગ્રાસણાનાં મફતબેન નરોત્તમદાસ શાહ (ઉં.વ. ૯૩) તા ૭/૧૨/૨૧નાં અરિહંતશરણ થયા છે. તે રેખાબેન, શર્મિલા, દિવ્યકાંત, નીતા તથા સોનલના માતુશ્રી. શીલા, રાજેનભાઈ, સુનીલ તથા દેવેશના સાસુમા. શૈલી અને સંજનાનાં દાદીમા તથા સ્વપ્નિલ, શિવાંગી, સલોની અને રોહનના નાનીમા સુરત મુકામે અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

શેખપર હાલ કાંદિવલી સ્વ. લલીતાબેન હીરાલાલ શાહના પુત્ર નગીનભાઈ (ઉં.વ. ૭૫) તા. ૬/૧૨/૨૧ના અરિહંતશરણ પામેલ છે. તે જયાબેનના પતિ. વિશાલ તથા વૈશાલી નીરવકુમાર શાહના પિતા. રમીલા શશીકાંત હકાની, અનિલાબેન દિલીપકુમાર દોશી, પ્રદીપ, જીતેન્દ્ર, જયેશ, અતુલ, સ્વ. સંજય તથા અલ્પેશના મોટાભાઈ. આનંદપુર ભાડલા નિવાસી સ્વ. જગજીવનદાસ હીરાચંદ સંઘવીના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે. મૂ. જૈન**

ધ્રાંગધ્રા હાલ કાંદિવલી જગદીશભાઈ બચુલાલ વોરા (ઉં.વ. ૭૬) તે ૪/૧૨/૨૧ના અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. ભૂપેશ-અ.સૌ. પ્રીતિ તથા મનીષ-અ.સૌ. પ્રિયંકાના પિતા. સ્વ. કંચનબેન હિંમતલાલ ભગવાનજીભાઈ ડગલીના જમાઈ. સ્વ. રાજનીકાંતભાઈ, સ્વ. કીર્તિભાઇ, ભરતભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, મુકેશભાઈના મોટાભાઈ. સ્વ. રમેશભાઈ, કમલેશભાઈ, રાજુભાઈ, અરુણાબેન કીર્તિકાન્ત, સ્વ. કોકિલાબેન પ્રદ્યતભાઈના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના લક્ષ્મીબેન શરદ ભાણજી શાહ (ગડા)ના જમાઇ અજય સ્વામી (ઉં.વ. ૭૯), તા. ૬/૧૨/૨૧ના અવસાન પામેલ છે. લીલાવતીના પતિ. કાર્તિક, ચિંતનના પિતાશ્રી. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ૩૦૨ - સુહાસીની કો.ઓ. સોસાયટી, ગાલા બુક સેંટરની ઉપર, જુના મુંબઇ રસ્તા, ચરઇ, થાણા - ૪૦૦૬૦૧.

ડેપાના જયંતીલાલ રામજી સાવલા (ઉં.વ. ૭૬) તા. ૬-૧૨-૨૧ના અવસાન પામેલ છે. નેણબાઇ રામજી દેરાજના સુપુત્ર. સ્વ. રેખાબેનના પતિ. ડો. ચિરાગ, ધીરલના પિતાશ્રી. ડેપાના મણીલાલ (બુધીયાલાલ), કાંતીલાલ, પ્રેમચંદ (બાબુભાઇ) રામજી, કારાઘોઘાના હેમકુંવર દેવેન્દ્ર વેરશીના ભાઇ. બારોઇના લક્ષ્મીબેન નાનજી મોણશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સાવલા સદન, ૩જે માળે, આર.સી. માર્ગ, ચેમ્બુર, મુંબઇ-૭૧.

કપાયાના દામજી લખધીર સંગોઇ (ઉં.વ. ૮૪), તા. ૫-૧૨-૨૧ના અવસાન પામેલ છે. તેજબાઇ લખધીર આણંદના સુપુત્ર. ચંચળબેનના પતિ. પ્રિયા, જયશ્રી, ભાવેશના પિતા. સં.પ. રમેશ મુની મ.સા., ભોરારાના સાકરબેન ચાંપશી વેલજી, બિદડાના હેમલતા કાનજી દેવરાજના ભાઇ. વડાલાના નાનબાઇ દામજી લખમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સી/૭૦૩, નિલકંઠ ધારા, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે.).

લુણીના હેમંત વસનજી ગાલા (ઉં.વ. ૫૩), તા. ૬/૧૨/૨૧ના અવસાન પામ્યા છે. મણીબેન વસનજીના સુપુત્ર. પલ્લવીના પતિ. ધનીશાના પિતા. વિમલના ભાઈ. વિમલાબેન લક્ષ્મીચંદ સાવલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ૪૦૫, મુલુંડ નિલેશ, વિદ્યાલય માર્ગ, મુલુંડ (ઈ.).

લુણીના પ્રદીપ વશનજી ગાલા (ઉં.વ. ૫૬), તા. ૬-૧૨-૨૧ના મુંબઈમાં અવસાન પામેલ છે. રતનબેન વશનજી ભીમશી ગાલાના સુપુત્ર. રત્નકુક્ષિણી પ્રવીણાના પતિ. હરખચંદ, જગદીશ, રમિલાના ભાઈ. લુણીના મા. સોનબાઈ પુંજાભાઇ આણંદ ગલિયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સી-૧૦૨, મ્હાત્રે પ્લાઝા, દહાનુકરવાડી, એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

ફરાદીના નિર્મળા મહેન્દ્ર વીરા (ઉં.વ. ૬૯), તા. ૪-૧૨-૨૧ના કચ્છ ભુજપુર મુકામે અરિહંતશરણ પામેલ છે. હીરાબેન પોપટલાલ રવજીના પુત્રવધૂ. મહેન્દ્રના ધર્મપત્ની. સેજલ, વિરલના માતુશ્રી. હીરબાઇ મગનલાલ છેડાની સુપુત્રી. પ્રવિણ, રમેશ, કુસુમ/પ્રીતીના બેન. પ્રાર્થના રાખેલ નથી.

## પારસી મરણ

ગુલ અદી સુખીયા તે મરહુમ અદિના ખાવીંદ. તે મરહુમ કુમી અરદેશર બીલીમોરયા અને અરદેશર દોસાભાઇ બીલીમોરયાના દિકરી. તે આદિલ અને હોશંગના માતાજી. તે શીરાઝ આદિલ સુખયાના સાસુજી. તે કેનાઝના બપઇજી. તે કેરસી તથા મરહુમ ખોરશેદ મીનુ સુતરયા ને એદલ અરદેશર બીલીમોરયાના બહેન. (ઉં. વ. ૭૮) રે. ઠે. ૪૦૨, મેહેર હોમસ કો. હા. સોસાયટી, લીમીતેદ, જોગેશ્વરી (ઇ), મુંબઇ-૪૦૦ ૧૦૨. ઉઠમણાંની ક્રિયા : ૮-૧૨-૨૦૨૧ એ બપોરે ૩.૪૫ વાગે માલકમ બાગ અગીયારી (જોગેશ્વરી)માં છેજી.

## હિન્દુ મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

દુધાળા હાલ મુંબઇ (અંધેરી) સ્વ. રમણીકલાલ ત્રંબકલાલ કાબાણીના ધર્મપત્ની કાંતાબેન (ઉં. વ. ૮૬) તા. ૬-૧૨-૨૧ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે ભાવના ગિરીશ મહેતા, પ્રીતિ રજનીકાંત મહેતા, કેતા આશિત પારેખ, દિના નીતિન દાણી તથા તૃપ્તિ જયેશ દેસાઇના માતુશ્રી. તે તારાબેન બાબુભાઇ, હર્ષાબેન અનંતરાય, નીલાબેન મનુભાઇ, મીનાબેન પ્રફુલભાઇ તથા હંસાબેન હસમુખરાય મોદીના ભાભી. પિયર પક્ષે રૂપાવટી નિવાસી સ્વ. અમીચંદ વીરજી ગોડીના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

**કપોળ**

ડુંગરવાળા હાલ કાંદીવલી સ્વ. મહેન્દ્રભાઇ વ્રજલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. જ્યોતિબેન મહેન્દ્રભાઇ મહેતા (ઉં. વ. ૭૬) તા. ૬-૧૨-૨૧ના શ્રીજીચરણ પામેલ છે. તે દિવ્યાંગ, સ્નેહા તથા પ્રણવના માતુશ્રી. મનિષા, માનસી, (મનિષા) તથા નિલેશ શરદભાઇ પારેખના સાસુ. તે ગં. સ્વ. પ્રભાબેન જયંતિભાઇ મહેતાના દેરાણી. અ. સૌ. મંજુલાબેન હસમુખરાય વોરાના ભાભી. રાજુલાવાળા સ્વ. હરજીવનદાસ ઠાકરસી મહેતાના દીકરી. સર્વે લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોરારજી ગોકલદાસ સચદેવ (ગામ ઢોરી)ના પુત્ર સુરેશના ધર્મપત્ની અ. સૌ. નીતા (ઉં. વ. ૬૩) શુક્રવાર તા. ૩-૧૨-૨૧ના રામશરણ પામેલ છે. તે સ્વ. વાઘજી ખટાઉ અનમ (ગામ લાખણીયા)ના પુત્રી. તે સંદીપ પિંકલના માતુશ્રી. ભાવનાના સાસુ. આરોહીના દાદી. તે સ્વ. પરસોતમ, સ્વ. હંસરાજ, સ્વ.લક્ષ્મીબેન, જીતેન્દ્ર અને નિર્મલાબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

ગામ દહાણુ હાલ મલાડના સ્વ. રણજીતભાઇ પોંદાના ધર્મપત્ની ગં. સ્વ. ઉર્મિલાબેન પોંદા (ઉં. વ. ૮૨) તે ૬-૧૨-૨૧ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયંતીલાલ નરોત્તમદાસ વસાણીના પુત્રી. મોક્ષદાબેન પંજવાણી, જ્ઞાનદા પારેખ, ભગીરથભાઇના ભાભી. તે સુધાબેન નરેશભાઇ પોંદાના દેરાણી. હીનાબેન ભગીરથભાઇ પોંદાના જેઠાણી. વૃંદા નિર્મલના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ ઇટાળા, હાલ નાલાસોપારા અ. સૌ. નિર્મલાબેન નાનાલાલ ઉન્ડકટ (ઉં. વ. ૭૬) રવિવાર તા. ૫-૧૨-૨૧ના શ્રીજીચરણ પામ્યા છે. તે નાનાલાલ કેશવજીના પત્ની. વિજયાબેન અને ત્રીકમદાસ કોટકના પુત્રી. અશોક, પ્રફુલ, અતુલ અને સંગીતાના માતા. વર્ષા, અનિતા અને નયનાના સાસુ. આકાશ, ક્રીશ, દીપ અને માનવના દાદી. રિદ્ધિ હરિશકુમાર દત્તાનીના નાની. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૧૨-૨૧ના ૪થી ૬. ઠે. ક. વી. ઓ. જૈન સ્થાનક, ૧લે માળે, રામદેવ ઝેરોકસની ઉપર, રાધાકૃષ્ણ હોટલ સર્કલ, તુલીંજ રોડ, નાલાસોપારા (પૂર્વ).

**દ. સો. વણિક**

(ભાવનગરવાળા) હાલ કાંદિવલી રજનીકાંત રતિલાલ મહેતા (ગોરસીયા) (ઉં.વ. ૬૮) તે રમાબેનના પતિ. તે સ્વ. વિજયાબેન જમનાદાસ સાંગાણીના જમાઈ. તે પ્રશાંતભાઇ, નિતેષભાઇ તેમ જ બીનાબેન શેઠના પિતાશ્રી. તે સંજયકુમાર શેઠ, માનસીબેન, ખ્યાતિબેનના સસરા. ચંદનબેન એ. ગાંધી વાપી, વિજયભાઈ ગોરસીયા ભાવનગર તથા શૈલેષભાઈ મહેતા મુંબઈના ભાઈ અને માનવ તથા વિધિના દાદા ૫-૧૨-૨૧ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૧૨-૨૧ના રોજ સાંજે ૫ - ૭ વાગે. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, શિવાજી મંદિર સામે, કાંદિવલી (વે.) પર રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ મલાડ સ્વ. અમૃતલાલ અમરશી રૂપારેલિયાના ધર્મપત્ની ગં. સ્વ. લીલાવતીબેન રૂપારેલિયા (ઉં.વ. ૯૭) તે સ્વ. કલાવતી મનહરલાલ ભોજાણી, સ્વ. ભરતભાઈ, રમેશભાઈ, મુકેશભાઈ, સ્વ. મહેશભાઈના માતુશ્રી. સ્વ. મનહરલાલ ભોજાણી, ગં.સ્વ. જયશ્રીબેન, અનિતાબેન, બિંદુ તથા ગં. સ્વ. મીનાબેનના સાસુ. પિયરપક્ષે સ્વ. રંભાબેન ભૂધરભાઈ ભોજાણીના દીકરી ૬/૧૨/૨૧ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

હિતેશ ત્રીકમદાસ ભાટિયા (ઉં.વ. ૫૨) તે સ્વ. તારાબેન (વિમળા) ત્રીકમદાસ ભાટિયાના પુત્ર. રાજેશના ભાઈ. હંસાબેનના દિયર. પ્રિયંકનાં કાકા. જિજ્ઞાના કાકાજી સસરા ૫/૧૨/૨૧ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. દયાબેન શામજી તન્ના (ગામ મોટી વમોટી-હાલે ઘાટકોપર)ના સુપુત્ર જેઠાનંદ તન્ના (ઉં.વ. ૭૨) તે મંગળાબેનના પતિ. સ્વ. ગંગાબેન દયારામ કતીરાના જમાઈ. ગં.સ્વ. છાયાબેન રાજીવ પલણ, માયા મુકેશ ઠક્કર, જ્યોતિ સમીર ચંદેના પિતા. સ્વ. પુરુષોત્તમ, સ્વ. તુલસીદાસ, ગં.સ્વ. ઉર્મિલા શંકરલાલ ચંદે, ચિ. નારાયણના ભાઈ. તે રમેશ, સ્વ. સુરેશ, સ્વ. કિશોર, સ્વ. ભગવતીબેન મુરલીધર કેસરિયા અને ચિ. ઉષાબેનના બનેવી તે તા. ૫-૧૨-૨૧, રવિવારે રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થના સભા બુધવાર, તા. ૮-૧૨-૨૧ના રોજ જલારામ મંદિર, ભટ્ટવાડી, ઘાટકોપર-વેસ્ટમાં ૫ થી ૬.૩૯ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## મરણ નોંધ માટે ખાસ સૂચના

કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.

ઇ-મેલઃ samachar.bombay@gmail.com

- વ્યવસ્થાપક